## સંક્ષિપ્ત સમાચાર

### ખેરાલુ પ્રજાપતિ સમાજનું ગૌરવ



ખેરાલુ પ્રજાપતિ સમાજના મંત્રી અને પાંચ શહેર પ્રજાપતિ સમાજના ખજાનચી તથા પૂર્વ તલાટી ચંદ્રકાન્ત તુલસીદાસ પ્રજાતિના સુપુત્ર મૌલિક કુમાર પ્રજાપતિ કે જેઓ હાલમાં આણંદ એગ્રીકલ્ચરલ યુનિ. માં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકેની ફરજ બજાવે છે. તેઓએ ડૉ. બી.એ. પ્રજાપતિ (પૂર્વ કુલપતિ, વીર-નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.) ના માર્ગદર્શન હેઠળ 'An in - depth study of Medical Tourism' પર સંશોધન કરી મહાનિબંધન તૈયાર કરેલ છે. જેને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ.એ માન્ય કરી પી.એચ.ડી.ની પદવી એનાયત કરેલ છે. પી.એચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરવા બદલ ખેરાલુ પ્રજાપતિ સમાજ ગર્વ અનુભવે છે.

### બહુચરાજી તાલુકાના રૂદાતલ ગામે રાજપૂત ક્ષત્રિય સમાજની મીટીંગ યોજાઈ

મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકાના રૂદાતલ ગામે ગણપતિદાદાના મંદિર પરિસરમાં રાજપૂત ક્ષત્રિય ઠાકોરની મીટીંગ



યોજાઈ હતી જેમાં મહેસાણા જિલ્લા પંચાયતના પ્રમુખ તથા ઉપપ્રમુખ સહિત નામાંકિત ઠાકોર જુગલસિંહ મથુરજી લોખંડવાલા હાજર રહ્યા હતા. આ પ્રસંગે ક્ષત્રિય ઠાકોર સમાજમાંથી ચૂંટાયેલા ડેલીગેટો, સરપંચો, પ્રમુખોનું શાલથી સ્વાગત કરવામાં આવ્યું હતું અને ધારપુરા (ખાંટ) સોલંકી સંજયસિંહ પ્રહલાદસિંહને શ્રદ્ધાંજલિ અર્પી હતી અને સમાજમાંથી વ્યસનો, કુરિવાજોને દૂર કરવા અનુરોધ કર્યો હતો. જેમાં બનાસકાંઠાના કાંકરેજ તાલુકાના કંબોઈ દરબાર સમાજ દ્વારા રૂા. ૧,૨૫,૦૦૦ નો ફાળો ચુંવાળ ચોર્યાસી સમાજને અર્પણ કરાયો હતો.

### દિયોદર તાલુકાના મોજરૂ (જુના) ગામે ખેત મજુરનું ઝાટકા મશીનથી કરંટ લાગતા મૃત્યુ

પોલીસે અકસ્માત ગુનો નોંધતા પરિવારજનોએ પોલીસ સ્ટેશનમાં હંગામો મચાવતા અને લાશ લેવાની ના પાડતા પોલીસે ઈ.પી.સી. કલમ ૩૦૪ મુજબ ગુન્હોં નોંધી તપાસ હાથ ધરી. દિયોદર તાલુકના મોજરૂ




(જુના) ગામે અનોપજી તેજાજી દરબારના ખેતર ઉપર અલ્પેશજી મસાજી ઠાકોર, ઉ.વ.૧૯ રહે, સેસણ (જુના) વાળો ભાગીયા તરીકે ખેત મજૂરી કરતો અને આ ખેતરમાં રવી પાકમાં ભુંડ, નિલગાય વગેરે જાનવરો પાકને નુકશાન ન કરે તે માટે ખેતરની વાડ ઉપર લોખંડની તારની વાડમાં ઈલેકટ્રીક ઝાટકા મશીન ગોઠવેલું હતું. બપોરના સમયે મરણ થનાર રાપડાના વાવેતરમાં ઘાસ લઈ રહ્યો હતો. તે સમયે કરંટ લાગતા તે બેભાન થઈ ગયેલ આ સમયે તાત્કાલીક ડિસા દવાખાને લઈ જતા રસ્તામાં મૃત્યુ પામ્યો હતો.

### બાયડ તાલુકાના વાત્રકગઢ ગામે સ્વેટર વિતરણ યોજાયું

'માનવસેવા એ જ પ્રભુ સેવા' ની ઉક્તિને સાર્થક કરતાં એવો સમારોહ રામભરોસે દાતાના હસ્તે અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી એ.પી. ઝાલા સાહેબના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. બાયડ તાલુકાની વાત્રકગઢ ગામ પ્રા. શાળા ખાતે તા. ૨૧.૧૨.૧૫ને સોમવારના રોજ સ્વેટર વિતરણ કરનવામાં આવ્યા. આ કાર્યક્રમમાં બીજા સાથે અતિથિ વિશેષ તરીકે બાયડ તાલુકા પ્રા. શિ. અ. વસંતભાઈ ચૌહાણ સાથે બાયડ બીટ કેળવણી નિયામક શંકરભાઈ પટેલ તેમજ જૂથમંત્રી વાત્રકગઠકંપા અને સી.આર.સી. તેમજ જૂથના તમામ આચાર્યો જોડાયા હતા. વાત્રકગઢ ગામ શાળા પરિવાર તેમજ આકોડિયા-રામપુરા શાળાનો સંકલિત સમારોહ બંને શાળા પરિવાર તેમજ એસ.એમ.ઈ. કમિટીના સાથ સહકારથી ઉજવાયો હતો. આ સમગ્ર કાર્યક્રમ સફળ સંચાલન વાત્રકગઢ ગામ પ્રા.શાળાના ઉ.શિ પંકજ બારોટે કરેલ હતું.

### હિંમતનગરમાં સ્વામીનારાયણ મંદિરનો દ્વિતીય પાટોત્સવ ઉજવાશે

હિંમતનગરના કાંકણોલ ખાતે આવેલ બીએપીએસ સ્વામીનારાયણ મંદિરની સ્થાપનાને બે વર્ષ પૂર્ણ થતા તા. ૨૭ ડિસેમ્બરે પ્રમુખ સ્વામી મહારાજના જન્મ જયંતિ મહોત્સવ પ્રસંગે મહાપૂજા તથા પાટોત્સવ સભાનું આયોજન કરાયુ છે એમ એક યાદીમાં સાધુ મંગલપુરૂષદાસજીએ જણાવ્યુ છે.

# ઈન્ટરનેશનલ નકલી ચલણી નોટના કારોબારનો પર્દાફાશ

## બનાસકાંઠા જિલ્લા પોલીસે ૨ આરોપીઓ સાથે કર્યા ચોંકાવનારા ખુલાસા : પશ્ચિમ બંગાળની બહેરામપુર જેલમાંથી ચાલે છે નેટવર્ક

બનાસકાંઠા, તા. ૨૬

દેશમાં દિન પ્રતિદિન ભારતીય અર્થતંત્ર તોડવાના પ્રયાસો ત્યારે આજે બનાસકાંઠા જીલ્લા એલ. સી.બી. દ્વારા ઈન્ટરનેશનલ નકલી ચલણી નાણાની હેરાફેરી કરતા કૌભાંડ નો પર્દાફાશ કર્યો છે જેમાં પશ્ચિમ બંગાળના બહેરામપુર જેલની અંદરથી કૌભાંડ ચાલતું હોવાનું ખુલવા પામ્યું છે. બનાસકાંઠા જીલ્લામાં બે માસ અગાઉ નકલી ચાલણી નોટો ઝડપાઈ હતી. જેમાં ૨૪ લાખથી વધુની રકમ સાથે બનાસકાંઠા જીલ્લા એલ. સી. બી.પોલીસ દ્વારા ૨ આરોપીઓની અટકાયત થઈ હતી.

બંને આરોપીઓની સઘન પૂછપરછ બાદ નકલી નાણાના તાર ગુજરાતના પોરબંદરમાં ખુલવા પામ્યા હતા જો કે પોલીસ આ મુદ્દે વધુ તપાસ હાથ ધરતા સમગ્ર નકલી ચલણી નોટોનું કૌભાંડ પશ્ચિમ બંગાળમાં હોવાનું ખુલ્યું હતુ જેના પગલે પોલીસે પશ્ચિમ બંગાળ સુધી તપાસ ચલાવી હતી જેના પગલે પોલીસ ને સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કરી આજે માંહેસનાના ઊંજા પાસે થી ૨ આરોપીઓની અટકાયત કરી



છે. આ બંને આરોપી ઓ બાંગ્લાદેશની સરહદ પાસે આવેલા અમિત ઠાકુર અને ઝાહીરુમાલ મુસલમાનની અટકાયત કરી છે.

જો કે આ સમગ્ર કૌભાંડ પશ્ચિમ બંગાળના બહેરામપુર જેલમાં રહેલા છોટાલાલ ઠાકુર દ્વારા ચલાવવામાં આવતું હોવાનું ખુલ્યું છે. પશ્ચિમ બંગાળમાં જેલ માં રહી ભારતીય અર્થતંત્ર તોડવા માટે ભારતીય જેલનો જ ઉપયોગ કરતુ હોવાનું ખુલ્યું છે. એક તરફ ભારતીય સરહદ પર દેશના અર્થતંત્ર ને વ્યાપક ફટકા સમાન નકલી ચાલની નાણું ગુસડાઈ રહ્યું છે તો બીજી તરફ ભારતની જેલમાં જ સજા ભોગવી રહેલા આરોપી દ્વારા મોબાઈલ ના સંરક દ્વારા સમગ્ર દેશ માં નકલી નો કારો કારોબાર ચાલી રહ્યો છે જો કે પોલીસ હાલ માં આ બંને આરોપી ઓ ને ઝડપી વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લા પોલીસ દ્વારા આજે દેશ માં ચાલતા નકલી કાળા કારોબારનો પર્દાફાશ કર્યો હતો ત્યારે આવનારા સમય માં વધુ ખુલાશા થાય તો નવાઈ નહિ.

# મોડાસામાં તસ્કરો ત્રાટક્યાં

## ૯૫ હજારની લૂંટ : રત્નમ્ સોસાયટીમાં બંધ મકાનમાં ચોરોએ હાથફેરો કર્યો

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ચોરી, લૂંટફાટ, અછોડા તોડવાના બનાવોમાં ધરખમ વધારો થયો છે. તસ્કર ટોળકીના સભ્યો થોડા-થોડા દિવસના અંતરે મોડાસા શહેરનાં રહેણાંક વિસ્તાર અને દુકાનોમાં ચોરીની



ઘટનાને અંજામ આપી રહ્યા છે. મોડાસા શહેરના પ્રજાજનો અને વેપારીઓ ભયભીત બન્યા છે. ત્યારે મોડાસા શહેરના પ્રજાજનો મોડાસા પોલીસની નિષ્ક્રિયતા સામે આંગળી ચીંધી રહ્યા છે. મોડાસાની રત્નમ્ સોસાયટીના બંધ મકાનનો પાછળનો દરવાજો તોડી તસ્કરોએ ૯૫ હજારના સોના-ચાંદીના દાગીનાની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. મોડાસા ટાઉન પોસીસે મકાન માલિકના પુત્રની ફરિયાદના આધારે ચોરી-લૂંટનો ગુનો નોંધી તસ્કરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

મોડાસા શહેરના બસ સ્ટેન્ડ પાછળ આવેલી વિધાકુંજ સોસાયટી નજીક આવેલી રત્નમ્ રેસીડેન્સીમાં તસ્કરોએ એક બંધ મકાનને નિશાન બનાવી લૂંટારું ગેંગના સભ્યો ચોરીને અંજામ આપી પલાયન થઈ ગયા હતા. રત્નમ્ રેસીડેન્સીમાં રહેલા અને કલવર શિશુ વિહાર કેન્દ્રના આચાર્ય અનિલાબેન ઓ. શર્મા તેમના પરિવાર સાથે નાતાલની રજાઓ માણવા તેમની પુત્રીના ડેમાઈ ગામે ગયા હતા. ત્યારે ગુરવારે કે શુક્રવારની રાત્રીએ બંધ મકાનના પાછળનો દરવાજો તોડી તસ્કર ટોળકીએ ઘરમાં પ્રવેશી ઘરમાં રહેલી લોખંડની તિજોરીનો દરવાજાનો નકૂચો તોડી તિજોરીમાં રાખેલા સોના-ચાંદીના ઘરેણા અને જૂના-પુરાણા ચલણી સિક્કાઓ મળી કુલ ૯૫ હજારની ચોરીને અંજામ આપી ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. રત્નમ્ સોસાયટીમાં મજૂરી કરતાં લોકોઓ ઘરનો દરવાજો તોડેલો જોતા આ ઘટનાની જાણ તેમના શેઠને કરતાં શેઠ દ્વારા ચોરીનો ભોગ બનેલા પરિવારને જાણ કરતા તાબડતોબ મોસાડા આવી પહોંચ્યા હતા અને ઘરમાં તિજોરી-કબાટમાં રહેલો માલસામાન વેરવિખેરેલો જોતા આઘાતમાં સરી પડ્યા હતા અને ઘરમાં ચોરીની કરતબ કરી ચોરો પલાયન થઈ જતા આ ચોરીની મોડાસા ટાઉન પોલીસમાં નોંધાવી છે.

# મોડાસા-રાજેન્દ્રનગર ચોકડી માર્ગનું કામ શરૂ કરવામાં વિલંબથી રોષ

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લાના મોડાસાથી રાજેન્દ્રનગર ચોકડી સુધીનો અને સાબરકાંઠાને હિંમતનગર જોડતો માર્ગ હવે સાવ જર્જરીત બની જવા પામ્યો છે. આ માર્ગને બંને બાજુથી પહોળો કરવા અને પુનઃતૈયાર કરવા રકમ પણ મંજૂર થઈ જવા છતાં હજુ સુધી કામ શરુ કરવામાં અને શરુ થયેલુ કામ મંથર ગતિએ ચાલતુ હોવાથી આ માર્ગનું કામ તાકીદે મોટાપાયે શરુ કરી જલ્દીથી પૂર્ણ કરવામાં આવે તેવી પ્રજાજનોમાં માંગ પ્રબળ બની છે. ખાડા ટેકરાવાળા રોડ અને સાંકળા માર્ગેથી વાહનો ચાલકો તોભા પોકારી ઉઠ્યા છે અને સંબંધિત તંત્ર સામે રોષ ફેલાયો છે.

મોડાસાથી રાજેન્દ્રનગર ચોકસી સુધીનો જોડતો માર્ગે તેની પાંચ વર્ષે પુનઃ તૈયાર કરવાની મર્યાદા પૂર્ણ કરી ચૂક્યો છે. આ માર્ગ સાવ ઘસાઈ જતા ખાડા પણ પડ્યા છે. જો કે તંત્રએ ખાડા પૂરી મરામત જરુર કરી છે. પરંતુ હવે આ માર્ગને પુનઃ ડામર કામ કરી તૈયાર કરાય તેવી ઉગ્ર માંગ પણ ઉઠી છે. આ માર્ગને બંને બાજુથી નજરે ચડતો નથી. આખા ૧૪ કિ.મી.ના માર્ગ પર કોઈક કોઈક જગ્યાએ ખાડા ખોદીને કામકાજ શરુ કરાયાનું જણાઈ રહ્યું છે. પરંતુ



પહોળો કરી આખોય માર્ગ પુનઃ ડામર કામ કરી તૈયાર કરવા માટે ગત વર્ષમાં ૧૦ કરોડ જેટલી રકમ મંજૂર પણ થઈ ગયાનું પ્રજા કહી રહી છે. અને વર્તમાન સમાચાર પત્રોમાં પણ ૧૦ કરોડ મંજૂર કરાયાના સમાચાર પ્રકાશીત થયા હતા જેથી દિવાળી પૂર્ણ થયા પછી માર્ગનું કામકાજ શરુ થશેની રાહ જોતા પ્રજાજનો ડિસેમ્બરનો મહિનો પૂર્ણતાને આરે છે છતાં પણ આ માર્ગને પહોળો કરવા તૈયાર કરવાના કામનો કોઈ જ અણસાર હજુ સુધી મંથર ગતિએ થતાં કામકાજથી લોકોમાં રોષ ફેલાયા છે.

મોડાસાથી રાજેન્દ્રનગર ચોકડી સુધીનો માર્ગ સાબરકાંઠા જિલ્લાને જોડતો મુખ્ય માર્ગ બની ગયો છે. બંને જીલ્લાના મુખ્ય મથકો આ માર્ગ જોડતો હોઈ તંત્ર દ્વારા આ બાબતે જે તે કામગીરી ઝડપથી પૂર્ણ કરી રાજેન્દ્રનગર ચોકડીથી મોડાસા સુધીના માર્ગને બંને બાજુથી પહોળો કરી પુનઃ નવીનીકરણ કરવા માટેનું કામ ઝડપથી હાથ ધરવામાં આવે તેવી લોક માગણી પ્રવર્તી રહી છે.

# ઉંચીધનાલ પંચાયતે પીવાનું પાણી પૂરું પાડવામાંથી હાથ અધ્ધર કર્યા

## નળમાં આવતું ગંદા પાણીનું મુળ કારણ શોધવામાં પંચાયત નિષ્ફળ

ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્મા તાલુકાના ઊંચીધનાલ પંચાયત દ્વારા ૭૦ કરતાં વધુ ઘરનું પીવાનું પાણી અચોક્કસ સમય માટે બંધ કરી દેતાં મહિલાઓને માથે બેડાં લઈ ભટકવાનો વારો આવ્યો છે. જે વિસ્તારમાં નળમાં ગંદુ પાણી આવતું હતું તેનું મુળ કારણ શોધવા પંચાયતે ઘણા વલખાં માર્યા છતાં કારણ શોધવામાં પંચાયત નિષ્ફળ નીવડી છે. જે વિસ્તારનું પાણી બંધ કરાયું છે ત્યાં પાણીના વૈકલ્પિક વ્યવસ્થા ન કરાતાં લોકોને હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો છે.

ઉંચીધનાલ ગામના સુરેશભાઈ ફુલજીભાઈ પટેલ તથા દિનેશભાઈ કોદરભાઈ જોષીના જણાવ્યા અનુસાર ગામના કેટલાક વિસ્તારમાં ગંદુ અને એસીડ જેવું પાણી આવતું હતું તે વિસ્તારનું પાણી બંધ કરવાની પંચાયતની કચેરીમાં નોટીસ લગાવવામાં આવી છે. ૭૦ કરતાં વધુ ઘરનું પાણી બંધ કરાતા પંચાયત દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં ન આવતાં રહીશોમાં રોષ ફેલાયો છે એમ મહિલાઓને માથે બેડાં લઈ ફળીએ ફળીએ ભટકવાનો વારો આવ્યો છે જે વિસ્તારમાં ગંદુ પાણી પહોંચતું હતું તેનું મુળ કારણ શોધવા પંચાયત દ્વારા ઘણા પ્રયત્નો કરવામાં આવ્યા છતાં લીકેજ હાથ ન લાગતા પંચાયતે પાણી પુરુ પાડવા હાથ અધ્ધર કરી દીધા અને પાણી બંધ કરવાનો નિર્ણય લીધો અને નવી પાઈપ નાખવામાં ન આવે ત્યાં સુધી આ વિસ્તારમાં પાણી બંધ રહેશે તેવું જાહેર કરવામાં આવ્યું જે વિસ્તારનું પીવાનું પાણી બંધ કરવામાં આવ્યું છે તે વિસ્તારના લોકોને પાઈપલાઈન બદલી સત્વરે પાણી પુરું પાડવાની માંગ ઉઠવા પામી છે.

આ અંગે ઉંચીધનાલ પંચાયતના સરપંચ ચુનાલાલ ગમાર તથા ડે.સરપંચ કેતનભાઈ પટેલના જણાવ્યા અનુસાર ગંદા પાણીના કારણે રોગચાળો ફેલાવાની શંકાને ટાળવા પાણી બંધ કરવામાં આવ્યું છે થોડાક સમયમાં લીકેજ વાળી પાઈપલાઈન બદલી નાખવાનું આયોજન છે. પંચાયતનો પાણી તથા ઘરવેરો લાખો રૂપિયાનો બાકી છે જેથી આ વિસ્તારમાં પાણીની વૈકલ્પિક વ્યવસ્થા કરવા પંચાયતને નાણાંકીય મુશ્કેલી પડે તેમ છે. પાઈપલાઈન બદલના સ્વચ્છ પાણી પુરુ પાડવામાં આવશે.

# મોડાસાની સર્વોદય સ્કૂલ હાઈસ્કૂલના સુવર્ણજયંતિ મહોત્સવનો પ્રારંભ

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરને શિક્ષણનગરી તરીકે ઓળખવામાં આવે છે. મોડાસામાં શિક્ષણક્ષેત્રે ૯૬ વર્ષથી સેવારત મોડાસા



કેળવણી મંડળ સંચાલિત શ્રી સી.જી. બુટાલા સેકેન્ડરી અને શ્રી બી.વી. બુટાલા હાયર સેકેન્ડરી સર્વોદય હાઈસ્કૂલ યશસ્વી રીતે ૫૦ વર્ષ પૂર્ણ કરી આગેકૂચ કરી રહી છે. ૫૦ વર્ષ પૂર્ણ થતાં આ પ્રસંગે સુવર્ણ મહોત્સવનું આયોજનનો રંગેચંગે પ્રારંભ કરાયો હતો. શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું.

મોડાસાની સર્વોદય હાઈસ્કૂલના સુવર્ણજયંતિ મહોત્સવ પ્રારંભે પ્રસંગે વૈષ્ણવ સંપ્રદાયના પૂ. ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજ કુમારજી મહોદય શ્રીની ખાસ ઉપસ્થિતિમાં તેમનું સન્માન કરી મોમેન્ટો આપવામાં આવ્યો હતો. આ સુવર્ણ જયંતિ પ્રસંગે શાળાના પૂર્ણ આચાર્ય અને સર્વોદય હાઈસ્કૂલને સમગ્ર ગુજરાતમાં મોખરાનું સ્થાન માટે અથાગ પ્રયત્ન કરનાર વયોવૃદ્ધ સંનિષ્ઠ કાર્યકર ડી.યુ. ત્રિવેદીનું મંડળના પ્રમુખ બીપીન શાહે મોમેન્ટો આપી સન્માન કર્યું હતું.

# મહેસાણામાં અંતિમયાત્રા દરમિયાન ભાજપ કાર્યાલય પર તોડફોડ

## પાટીદાર આંદોલનના ઇજાગ્રસ્ત યુવાન મયુર પટેલના મૃત્યુથી ઉત્તર ગુજરાતનાં પટેલ સમાજમાં શોકની લાગણી



મહેસાણા, તા. ૨૬

પાટીદાર અનામત આંદોલન દરમિયાન મહેસાણા શહેરમાં પોલીસ ગોળીબારમાં ગંભીર રીતે ઘાયલ થયેલ મયુર પટેલ નામના યુવાનનું અમદાવાદ હોસ્પિટલમાં સારવાર દરમિયાન કરૂણ મોત થતાં મહેસાણા શહેર સહિત જિલ્લાના પાટીદાર સમાજમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે. પાટીદાર યુવાનના મોતને પગલે આજે મહેસાણા, વિસનગર અને વિજાપુરમાં બંધ પળાયો હતો. તેમજ મૃતક યુવાનની અંતિમયાત્રા દરમિયાન રોષે ભરાયેલા ટોળાએ મહેસાણામાં ભાજપ કાર્યાલય પર તોડફોડ કરી હતી તેમજ પોલીસ અને પાટીદારો વચ્ચે સંઘર્ષ તથાં તંગદિલી ફેલાઈ હતી.

પાટીદાર અનામત આંદોલન સમયે મહેસાણામાં તોફાનો ફાટી નીકળ્યા હતા. જેમાં ચારેક મહિના પહેલાં કથિક હિંસક ટોળાને વિખેરવા માટે અર્ધ લશ્કરી દળના જવાને ગોળીબાર કરતાં મૂળ મોઢેરા ગામના અને મહેસાણા મોઢેરા ચોકડી પાસેની ગૌતમનગર સોસાયટીમાં રહેતા મયુર નટવલલાલ પટેલ નામના પાટીદાર યુવાનને શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્ત યુવાનને વધુ સારવાર અર્થે અમદાવાદ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જયાં તેનું કરૂણ મોત નિપજ્યું. શોકની કાલિમા છવાઈ ગઈ હતી. અને પાસ દ્વારા મહેસાણા બંધનું એલાન આપવામાં આવ્યું હતું.

દરમિયાન આજે સવારે મૃતકના નિવાસસ્થાન ગૌતમનગર સોસાયટી પાસેથી અંતિમ યાત્રા નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં પાટીદારો જોડાયા હતા. આ સ્મશાનયાત્રા શહેરના મુક્તિધામ જઈ રહી હતી ત્યારે માર્ગમાં ઉશ્કેરાયેલા ટોળાએ ભાજપ કાર્યાલયના નવીન મકાન પર પથ્થરમારો કર્યો હતો. જેથી કાચ તૂટ્યા હતા. આ ઉપરાંત સ્મશાનયાત્રા દરમિયાન પોલીસ સાથે ઘર્ષણ થતાં એક તબક્કે તંગદીલી ફેલાઈ ગઈ હતી. જોકે બાદમાં મામલો શાંત પડ્યો હતો. અને બપોર બાદ શહેરમાં બજાર ખુલી ગયું હતું.

બીજું પાટીદાર યુવાનના મોતને પગલે વિસનગર અને વિજાપુરમાં પણ બંધ પાળવામાં આવ્યો હતો. વિસનગરમાં બળજબરીપૂર્વક દુકાનો બંધ કરાવવામાં આરોપસર પોલીસે પાસના છ કાર્યકરોની અટકાયત કરી હતી.

